Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૮૧ મું
અંક ૮
૫ જુન

જેઠ

વીર સં. ૨૪૯૦
વિ. સં. ૨૦૨૧
ઈ. સ. ૧૯૬૫

(१०४) तेणे जहा सन्धिमुहे गहीए, सकम्मुणा किच्चइ पावकारी ।
एवं पया पेच्च इहं च लोए, कडाण कम्माण न मुक्ख अत्थि ॥ ४ ॥

૧૦૪. જેમ ચોર ખાતર પાડવાની જગ્યાએ જ પકડાઈ જઇ પોતાના જ કર્મ વડે પાપકારી થઇને કપાય છે, એ જ રીતે, આ પ્રજા પોતાના જ પાપ વડે પકડાઈ જઈ આ લોકમાં અને પરલોકમાં ય કપાયા કરે છે–દુઃખ પામ્યા કરે છે. જે જે પાપકર્મો કર્યા હોય તેનાં દુષ્પરિણામો ભોગવ્યા સિવાય છુટકારો નથી જ.

—મહાવીર વાણી

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા :: ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ :: વર્ષ ૮૧ મું :: વાર્ષિક લવાજમ ૫-૨૫ પોસ્ટેજ સહિત

# अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | ચંદ્રમા | ( સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ-માલેગામ ) | ૬૧ |
| ૨ | શ્રી વર્દ્ધમાન-મહાવીર : મણકો બીજો-લેખાંક : ૮ | ( સ્વ. મૌક્તિક ) | ૫૦ |
| ૩ | કૃતજ્ઞતા અને કૃતઘ્નતા | ( બાલચંદ હીરાચંદ સાહિત્યચંદ્ર ) | ૬૬ |
| ૪ | જૈન નિયમો અને છત્રીસ ઉપનિષદો | ( હીરાલાલ ર. કાપડિયા બી. એ. ) | ૬૮ |
| ૫ | સ્વામિવાત્સલ્ય | ( ડૉ. વલ્લભદાસ નેણુસીભાઈ-મોરબી ) | ટા. પેજ ૩ |
| ૬ | સમાલોચના | .... .... .... .... .... | ટા. પેજ ૪ |



શ્રી જૈન ધર્મ પ્રસારક સભા ભાવનગરનું નૂતન પ્રકાશન

શ્રી વિજયલક્ષ્મીસૂરિ વિરચિત

## શ્રી ઉપદેશપ્રાસાદ ભાષાંતર : ભાગ ૨ જો

ઉપરોક્ત ગ્રંથ ગુજરાતી લીપીમાં કલકત્તાના અમુક ભાવિક સદ્ગૃહસ્થ તરફથી મળેલ સહાયથી છપાવવાનું શરૂ કરેલ છે. પાના ૩૦૪-ફોર્મ ૩૮. બહુ થોડી નકલો છપાવવાની હોવાથી જેમને જોઇએ તેઓ નકલ દીઠ રૂા. ૨) મોકલી અગાઉથી નામ નોંધાવશે તેમની પાસેથી ત્યાર પછી રૂા. ૨) જ લેવામાં આવશે, જ્યારે પાછળથી લેનાર માટે બુકની કિંમત રૂા. પાંચ થશે.

આ બુકની અંદર જે કથાઓ આપેલ છે તે કથાઓ બોધ આપનાર હોવાથી બહુજ ઉપયોગી છે. દરેક વ્રતનું સ્વરૂપ બહુ સારી રીતે આપ્યું છે. કર્માદાનનું-ચૌદ નિયમનું-ચાર પ્રકારનું અનર્થદંડનું સ્વરૂપ બહુ સ્પષ્ટતાથી આપેલું છે.

(૧) ચોસઠ પ્રકારની પૂજા અર્થયુક્ત ૩-૦૦ (૨) નવપદજીની પૂજા ૦-૫૦ (૩) નવાણું પ્રકારની પૂજા ૦-૫૦ (૪) પાર્શ્વનાથ પં. પૂજા ૦-૬૦ (૫) બારવ્રતની પૂજા ૦-૫૦ (૬) અંતરાયકર્મની પૂજા ૦-૬૦ (૭) ધનપાળ પંચાશીકા ૦-૨૫ (૮) બાર ભાવનાની સજ્ઝાય ૦-૨૫ (૯) પં. વીરવિજયજી જન્મ ચરિત્ર ૦-૨૫ (૧૦) સુમિત્ર ચરિત્ર ૦-૨૫ (૧૧) શ્રાવકયોગ આચાર વિચાર ૦-૨૫ ( પોસ્ટેજ અલગ )

લખોઃ—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી જૈન ધર્મ પ્રકાશ

| પુસ્તક ૮૧ મું<br>અંક ૮ | જેઠ | વીર સં. ૨૪૯૧<br>વિક્રમ સં. ૨૦૨૧ |
| --- | --- | --- |


## ચંદ્રમા

( હરિગીત )

રૂપાસમો રસ ચંદ્રિકાનો ધવલ અમૃત વર્ષતો,
વસુધાતણે ધવલિત કરે છે વિમલ તનમન હર્ષતો;
એવો નિશાકર નિજ શરીરે અંક કાં ધારણ કરે ?
કરવી ઉપેક્ષા સ્વાર્થની એ સુજનતા મનમાં વરે. ૧

રવિતાપથી વસુધા થઇ સંતપ્ત નિજ દેહે અતિ,
તસ દુઃખ હરવા કિરણ શીતલ ચંદ્રમા વર્ષે તતી;
ઉપકાર કરવાની મતિ જસ રાતદિન મનમાં રહે,
નિજ સ્વાર્થ પર ઉપકારમાં એ માનતો સમતા ગ્રહે. ૨

માનવ કરે શ્રમ સતત દિવસે થાક તનને લાગિયો,
શીતલ કિરણની મૃદુ પછેડી ઢાંકતો મન ભાવિયો;
ઉપકાર કરતો સતત એવો ચંદ્રમા આનંદથી,
સહુ સંતજન ઉપકારમાં નિજ સ્વાર્થ સાધે ભાવથી. ૩

નિજ શરીર ઉપર ચંડ કિરણો સૂર્યના સહતો થકો,
શીતલ સુધામય કિરણ વરસે શાંતિ સહુને આપતો;
સંતોષ ધારી મન વિષે ઉપકાર પર ઉપર કરે,
અભિમાન છોડી આત્મનિર્ભર સંતજન શાંતિ વરે. ૪

—સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વર્દ્ધમાન–મહાવીર

મણકો ૨ જો :: લેખાંક : ૭

લેખક : સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)

ત્રિશલાદેવીએ જે મહત્વની વાત કરી તે બ્રહ્મચર્ય-પાલનની હતી એટલે તેમણે ગર્ભધારણ કર્યા પછી બરાબર બ્રહ્મચર્યનું પાલન કર્યું. તેમણે તો પોતાના પતિ સાથે પણ કદી વિષય સેવન કર્યું નહિ. અને પોતાની જાત પર બરાબર અંકુશ રાખ્યો.

ગર્ભધારણ કરવા પછી બ્રહ્મચર્યપાલન તેજ, શક્તિ અને તાકાતમાં ઘણો વધારો કરે છે અને જે વખતે કવખતે પોતાના પતિ સાથે કામવશ થઇ જાય છે. તે પોતાના શરીરને અને ગર્ભને ઘણું નુકશાન કરે છે. ગર્ભ કાણો કે ખોબડો થઈ જાય તેનું આ કારણ છે, અતિ વિષય સેવવાનું એ પરિણામ છે. ગર્ભવતી સ્ત્રીઓએ સ્પર્શેન્દ્રિયના વિષય સેવનની ઇચ્છા પણ ન કરવી.

ત્રિશલાદેવીએ સારે નસીબે ઘણી સખીઓને પ્રાપ્ત કરી હતી અને બધી સખીઓએ એને સારીજ સલાહ આપી. ગર્ભપાલનની એ સલાહ ઉપયોગી હોવાથી આપણે તે પણ વિચારી જઇએ:—

સારે નસીબે ત્રિશલા રાણીને, રાણી હોવા છતાં સારી સખીઓ હતી. આ સખી મંડળ વ્યવહારૂ અને સાંસારિક બાબતોમાં નિષ્ણાત હતું. તેઓએ જે સલાહ આપી તે આ યુગમાં પણ ઉપયોગી છે. અત્યારે સ્ત્રીઓનાં કેટલાંક શરીર જોઈ આપણને તેઓના હિત માટે ખેદ થાય છે તેથી આટલા અઢી અઢાર વર્ષ પછી પણ ત્રિશલાની સખીઓએ આપેલી સલાહ કારગત અને વહેવારૂ નીવડે તેવી છે, આપણે તે જરા જોઇએ.

સખીઓ ત્રિશલા રાણી ફરતી વીંટાઇને બેઠી હતી. તેઓને રાણી તરફ રાગ હતો અને પ્રેમ હતો. તેઓએ કેટલાક સવાલ કર્યા અને કેટલીક સલાહ આપી.

(પહેલી) સખી–'કેમ બેન ત્રિશલા! તારા ગર્ભને તો કુશળતા છે ને? તારે શરીરે ઠીક રહે છે?

ત્રિશલા–' ગર્ભને કુશળ હોય તો બીજું શું જોઇએ? ગર્ભ કુશળ હોય તો હું કુશળજ છું. આ તો ગર્ભ હાલતો ચાલતો બંધ થઇ ગયો છે અને મને અનેક ચિંતા તે કારણે થાય છે. મને થાય છે કે આ સર્વ શું થયુ છે અને શું થવા બેઠું છે. મેં તે ગયા ભવમાં પંખીઓના માળા પાડી નાખ્યા હશે કે પશુઓને વિરહ પડાવ્યો હશે, કૂતરા કૂતરીને હેરાન કર્યા હશે કે પ્રાણીઓનાં દરો જમીનમાં હશે તે પર પાણી નાખી તે દરોને પૂરાવી નાખ્યાં હશે? મેં તે બાળ હત્યા કરી હશે અને શોકના બાળકોનું અશુભ ચિંતવ્યું હશે? કોઇ ગર્ભનું સ્તંભન કે નાશ વિચાર્યું હશે અથવા વિચારીને તેનો અમલ પણ કર્યો હશે કે ગયા ભવમાં શિયળનું ખંડન કર્યું હશે? કોઈ પ્રકારનું પાપ મેં જરૂર કર્યું હશે, કાંઇક અજ્ઞાનતાથી કાંઇક ઇર્ષ્યાથી મેં અથવા મશ્કરીથી મેં જરૂર કાંઇક પાપ કરેલું હોવું જોઈએ જેથી મારો ગર્ભ આવેલો હતો તે સરી ગયો, નાશ પામી ગયો અથવા બીજે ચાલ્યો ગયો.' આ શોક સાંભળીને તેને સખીઓ ધીરજ અને સલાહ આપવા લાગી.

બીજી સખી 'જો બહેન ત્રિશલા! ધીરજ રાખ, સહુ સારાં વાનાં થઈ આવશે અને તારી સર્વ ઇચ્છાઓ પૂરી થશે તને જે ઇચ્છાઓ થાય તે સર્વ પૂરી કર. ઉશ્કેરણી થાય તેવી વાત ગમે તેવી હો તે ન કર. તારા વિચારો સારે માર્ગે દોરવાય એવું કર અને તેટલા કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર ઉપજાવે તેવા કોઇ વિચાર જ ન કર. તારે કોઇને ત્યાં શોક સંતાપને અંગે જવું નહિ. તારે શરીરે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સારૂં રહે તેવા જ વિચારો તારે કરવા અને સમજણપૂર્વક વિચારોને સારા માર્ગે દોરવવા. એટલા માટે દાન, શીલની કથા સાંભળવી અને તેવીજ કથા કરવી. જે કથા સાંભળીને બીક લાગે કે ઉશ્કેરાટ થાય તેવી વાત કરવી કે સાંભળવી નહિ. ભૂતપલીતની વાતો કદી કરવી નહિ અને તેવી વાત થતી હોય તે સ્થાનોમાં તારે જવું નહિ પારકાની નિંદા કરવી નહિ અને જે વાત સાંભળીને ઉશ્કેરાટ થાય તેવી વાત કરવી નહિ. સાચા સંતોની સેવા કરવી. સારા માણસો કે મહેમાનો આવે તેની સરભરા કરવી, અને તેવાં કાર્યમાં વખત પસાર થાય તે ઉત્તમ ગણવો અને તેવો વખત પસાર થાય તેમાં અહોભાગ્ય ગણવું. તેં સુપનપાઠકો પાસે સાંભળ્યું છે કે તારી કૂખે ઉત્તમ ગર્ભ આવ્યો છે અને દુનિયાનો ઉદ્ધાર કરનાર છે, તો એવા સુંદર ગર્ભનું તું સારી રીતે પોષણ કર અને મારે કહેલા માર્ગે ચાલીશ તો બધા સારાં વાનાં થશે અને ગર્ભનું કુશળ થઇ જશે.'

**ત્રીજી સખી**—'બહેન! સખીએ જે ઉપર વાત કરી છે તે યોગ્ય છે, તે ઉપરાંત તને હું કહું છું કે બધી વાતનો સાર એ છે કે જરાપણ મન ઉશ્કેરાઈ જાય એવી વાત કરવી નહિ કે સાંભળવી નહિ. એની મતલબ એ છે કે ઉશ્કેરાવાથી શરીર બગડે છે અને શરીર બગડવાથી ગર્ભને પણ અસર થાય છે, આથી ઉશ્કેરણી થાય એવા પ્રસંગથી જ દૂર રહેવું, તેવા પ્રસંગમાં ભાગ ન લેવો અને હાથે કરીને તો ઉશ્કેરણી થાય તેવા પ્રસંગ ઊભા જ કરવા નહિ.'

**ચોથી સખી**–'અને ત્રિશલા! તારે પ્રત્યેક કામ ધીમા ધીમા કરવા એ બધી વાતનો સાર છે. ધીમુ ચાલવું, ચાલતા પગ આડો અવળો પડી જાય નહિ, લચક લાગે નહિ તેની સંભાળ રાખવી, કોઇ જાતની ફીકર ચિંતા કરવી નહિ, ઓછું બોલવું, કોઈ વાતની ચિંતા ન કરવી અને શોક કરવો નહિં. દુનિયા એમનાં એમ ચાલ્યા કરે છે એમ વિચારવું અને કોઇ વાતને મન પર ધરવી નહિ અને કોઈ વાત બને તે ઉશ્કેરાટમાં વધારો કરે તેવી વાત સાંભળવી નહિ અને સંભળાય જાય તો તે વાતને મનમાં ધરવી નહિ.'

**ચોથી સખી**–'બહેન! તારે કોઇ જગાએ કાણુ કૂટણે જવું નહિ, અને આવા સરસ ગર્ભાધાનના પ્રસંગમાં કોઇ પ્રસંગ આવી પડે તો પણ તારે તે સ્વીકારવો નહિ અને મનને આનંદમાં રાખવું. ચાડી ચૂગલીથી તારે દૂર રહેવું અને કોઈ સંબંધી નકામી અર્થ વગરની વાત ન કરવી. ગપ્પાં સપ્પાં મારી નકામો વખત કાઢવો નહિ અને કોઇની વાતો બહુ ન કરવી. ખાસ કરીને પારકી નિંદા ચાડી ચૂગલી કરવીજ નહિ પારકાની નિંદા કે ચર્ચાજ ન કરવી.

**પાંચમી સખી**–'બહેન! હું તો તદ્દન વહેવારૂ છું, તને ટૂંકામાં કહી દઉં કે તારે તળેલાં પદાર્થો બીલકુલ ખાવાં નહિ. આપણા લોકો સગર્ભાવસ્થામાં તેલ મરચાંવાળાં પદાર્થો ખૂબ ખાય છે તેને બદલે શાકભાજી, દૂધ અને છાશ તથા ફળો વધારે ખાવાં. આ વાતનું જ્ઞાન બહેનોને બહુ ઓછું હોય છે. કેટલીક બહેનો તો તીખા, અથવા ખાટા એમ માનીને ખાય છે કે 'સગર્ભાવસ્થાની ઇચ્છાઓ પૂરી ન થાય તો ખરાબ બાળક અવતરે'–આ તેમની ખોટી માન્યતા છે. પણ આથી માતા અને બાળક બન્નેની તંદુરસ્તી બગડે છે તેથી ઉપર જણાવ્યું તેમ તંદુરસ્ત ખોરાક લેવો અને સગર્ભાવસ્થામાં કેવો ખોરાક લેવો તેનો દાખલો પાડવો. બાળકનાં હાડકાં અને દાંતને મજબૂત કરે તેવો ખોરાક જ લેવો. મુખ્યત્વે કરી દૂધનો ખોરાક વધારવો, અને પરિણામે પરિણામે બાળક કદી સુકાશે નહિ અને તારા શરીરને પણ સુખ રહેશે. આ દૂધનો ખોરાક જો દૂધ ચોખ્ખું હોય તો બહુ ઉત્તમ છે અને રાજાશાથી તું તો સારૂં દૂધ ભેળસેળ વગરનું મેળવી શકીશ. કોઈ વખત દૂધથી હુબકા જેવું લાગે તો દહીં અથવા છાશ લેવા, પણ દૂધની આ વસ્તુઓ સારા પ્રમાણમાં લેવી અને રાત્રે તો કોઈ ખોરાક લેવો જ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહિ. ખાસ કરીને ઢોકળા, પાતરાં કે એવી વસ્તુઓ લેવીજ નહિ. શાકભાજીને બનતા સુધી બાફીને ખાવાં, આપણા લોકો તેને તેલ ઝબોઝબ નાખીને ખૂબ મશાલાદાર બનાવે છે તેમ ન કરતાં બાફીનેજ ખાવાં. ભાજી ખાઈ શકાય અને ખપે તેવી હોય તો તેમાં લોહીનું તત્ત્વ વધારે રહે છે તેથી તેવી ભાજી જેમ બને તેમ વધારે ખાવી લીલા શાખોમાં બીજ, મૂળા, કાકડી વધારે બાફીને ખાવાં અથવા તેની કચુંબર કરીને ખાવાં, અને ઢોકળાં, મુઠિયાં કે પાતરા ને બીલકુલ અડવુંજ નહિ. દૂધ કે છાશનો ખોરાક આપણને તંદુરસ્ત બનાવે છે તેનો મહાવરો વધારવો અને તે સારી રીતે ખાવો અને હમેશા થોડુંક ફરવું ફરવાથી જરૂરી વ્યાયામ મળી રહે છે અને થોડું પગે ચાલવાથી આપણે કાંઈ ઘસાઈ જતા નથી, પણ ખુલ્લી હવાનો લાભ ઘણો છે એ તારે ખાસ નજરમાં રાખવું. સગર્ભાવસ્થામાં કેટલીક બહેનો ઉલટીની ફરિયાદ કરે છે એને માટે બજારમાં કપૂરકાચલી મળે છે તે લેવી. વળી દ્રાક્ષનો ઉપયોગ પણ સગર્ભાવસ્થામાં કરવો. આ પ્રકારે ખાવાના નિયમો કરવાથી બન્ને-ગર્ભને અને તને પોતાને લાભ થશે.'

આ પ્રમાણે સખીઓ વાત કરે છે ત્યાં પ્રભુએ વિચાર કર્યો કે માતાને માટે હિત કરવા સારૂં કરેલ કાર્ય તો એને ઊલટું પડ્યું, આ અને હવે પછીના કાળમાં હિતને માટે કરેલ કામ જરૂર અહિત કરનારૂં થશે એ કાળબળ અને ભવિષ્યત્ અનિષ્ઠ સૂચવનાર છે એટલે પ્રભુએ પોતાનો જમણો અંગુઠો હલાવ્યો

એ વખતે ત્રિશલા હર્ષના આવેશમાં આવીને બોલી ઉઠી: 'મારો ગર્ભ ચાલ્યો.'

એક અંગુઠો હલાવવાથી આખા રાજ દરબારમાં આનંદ ફેલાઈ ગયો અને વાત ચોતરફ ફેલાઇ ગઇ કે રાણીના ગર્ભને કુશળ છે. આ વાત તો તુરત ફેલાઈ ગઈ અને લોકો એકબીજાને અભિનંદન આપવા લાગ્યા.

વાતને ફેલાતા વખત લાગતો નથી તે તો એક જંગલી આગની માફક તરત ફેલાઇ જાય છે. વાતનો હકીકતનો આ મહિમા છે. જેમ જંગલમાં ફાટેલી આગ ફેલાઈ જાય છે, તેમ વાતને ચાલતાં વખત લાગતો નથી.

આવી રીતે લોકોને ઉત્સાહમાં આવી જતાં જોઈ જાણીને અને રાણીને આનંદિત થતાં જોઈ જાણીને પ્રભુએ ગર્ભમાંથી જ નિશ્ચય કર્યો કે 'અહો! મોહનો આવો મહિમા છે, હજુ મને નજરે જોયો નથી, છતાં માતપિતાનો મારા પર એટલો સ્નેહ છે તેથી હું માબાપ જીવતા હશે ત્યાં સુધી સંયમ નહિ લઉં, દીક્ષા નહિ લઉં."

આ વિચારનિર્ણય પ્રભુએ માતાના ગર્ભમાં કર્યો અને તે પર કામ લીધું તે ઉપર આપણે ઉપર વિચારી ગયાં. આ નિયમ ત્રણ જ્ઞાનના ધણીએ કર્યો તે વાતની ઉપયુક્તતા પર આપણે વિચાર કર્યો અને તે નિયમ ગર્ભમાં રહ્યા પ્રભુએ સાતમે મહિને કર્યો. આવી રીતે માતપિતાનાં દુઃખનું પ્રભુએ નિવારણ કર્યું અને સર્વત્ર આનંદ પ્રસરી ગયો. આખું રાજકૂળ પણ હર્ષમાં આવી ગયું. ત્રિશલારાણીએ ત્યાર પછી ગર્ભ પાલન શાણી સખીઓની સલાહ મુજબ કર્યું. અને સર્વત્ર આનંદ પ્રસર્યો. ગર્ભ વૃદ્ધિ પામવા લાગ્યો અને એવી રીતે દિવસો આનંદ મંગળમાં પસાર થવા લાગ્યા.

## પ્રકરણ ૬૬

**નામકરણ ધારણા:**

અગાઉ આપણે જોઇ ગયા છીએ કે સિદ્ધારથ રાજાને નિશ્ચય થયો કે પુત્ર જો થાય, તો તેનું નામ વર્ધમાન રાખવામાં આવશે. આ હકીકત કેવી રીતે બની તે મહત્વની બાબત હોઇ તેને અંગે તેના વિસ્તારને માટે એક જુદા પ્રકરણની યોજના કરવામાં આવી છે. આ હકીકત બરાબર સમજવા માટે આપણે પચીસસો છવીશસો વર્ષ પહેલાંની જનસ્થિતિ સમજવાનો પ્રયત્ન ન કરીએ. તે કાળમાં લોકોના જાનમાલની સલામતિ બહુ જ ઓછી હતી. લોકો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સવારે હોય અને સાંજે ન હોય, પોતાના જ પૈસા હોય તે કોઇ જાહેર રસ્તા પર લૂંટી જાય અને આજનો પૈસાદાર માણસ આવતી કાલે અથવા થોડા વખતમાં ભિખારી થઇ જાય. આવા પ્રકારની જાનમાલની અસ્થિરતા અચોક્કસતા હતી.

તેથી લોકો પણ જે કાંઈ હોય તેને પોતાનું રાખવા માટે તેને જમીનમાં અથવા ઝાડ તળે દાટતા અથવા કોઈ દેરાસરના શિખર નીચે દાટતા અથવા કોઇ ઝાડ નીચે કે ઘરના ચુલા પાસે દાટતા અને પછી તે વાત મરણ વખતે કહેવાનું ભૂલી જતા અથવા કહેવાનો સમય જ ન મળતો અને અસાવધ સ્થિતિમાં પોતાનો સમય પૂરો કરતા.

આવી મોટી રકમ ડુંગર, ઝાડો કે નદી પાસે દટાતી, ઘરમાં દટાતી અને લોકોને તે કાળમાં પૈસાના રોકાણ કરતા, પૈસાની જાળવણીની જ વધારે ચિંતા હતી. હાલના કાળમાં પૈસાના રોકાણ માટે લોકો અનેક પ્રકારના વિચાર કરે છે અને પોતાને સલાહ મળે તે પ્રમાણે પૈસાનું રોકાણ સારે સ્થાને કરી વધારે આવક થાય તેનો વિચાર કરે છે. અત્યારે માણસો પોતાની બુદ્ધિશક્તિનો ઉપયોગ વધારે વ્યાજ ( Dividend ) મેળવવામાં કરે છે ત્યારે આપણે જે યુગની વાત કરીએ છીએ તેમાં મૂળ રકમની સલામતિ કેમ રહે તેનો ઘણે ભાગે લોકો ખ્યાલ રાખતા અને આવક કે વ્યાજની દરકાર ઓછી કરતા અને વ્યાજ કે આવક કરવાની લોકોની અત્યારની વૃત્તિ જોતાં કરોડો કે અબજોની રકમ જમીનમાં દટાતી હતી તે વાત આજના જમાનામાં બેસી જવી જરા મુશ્કેલ છે તેથી કલ્પનાશક્તિને જરા જોર આપવું પડે તેમ છે.

વર્તમાનયુગ કરતાં છવીસસો વર્ષ પહેલાં તદ્દન જુદી જ સ્થિતિ છે. ઘણાં રાજ્યો અને દરેકની સરહદો જુદી જુદી તથા લોકોનો ખ્યાલ પણ ધાડ લૂંટ કે ચોરીનો વિશેષ, કારણ કે તે કાળમાં રાજ્યોની પણ અંધાધુંધી હતી. ન્યાય ઘણી વખત માગ્યો મળતો નહિ, તેની કિંમત આજ જેટલી વધારે પડતી નહોતી, પણ કાજીનો ન્યાય જ ઘણો મુશ્કેલ હતો. અને ન્યાય કરવાની બાબતમાં રાજાઓ આજની પેઠે સાવધાન ન હતા.

અંગ્રેજ સરકાર ભારતવર્ષમાં આવી, તેણે ન્યાયની બાજૂ તો બરાબર સંભાળી લીધી. ગરીબને પણ ન્યાય મળતો થઈ ગયો અને તેથી એમ બોલાઈ ગયું કે ભરજંગલમાં પણ અંગ્રેજના રાજ્યમાં તો હાથમાં સોનું ઉછાળતા ચાલ્યા જવાય છે. આવી ન્યાયની વૃત્તિ અને ન્યાય માટેની તત્પરતા અગાઉ ભારતવર્ષમાં કોઇ કાળે નહોતી. અને આપણે જે યુગની વાત કરીએ છીએ તે કાળ જરાપણ અપવાદિક નહોતો.

તિર્યગ્જૃંભક દેવોએ આવા ભૂલાઇ ગયેલા અને વિસરાઈ ગયેલા તથા કોઇને અન્યાય ન થાય તેવા અનેક નિધાનો શોધી કાઢ્યા અને લાવી લાવીને સિદ્ધારથ રાજાનું ઘર ભરી દીધું. તેઓએ બીજા કોઇને અન્યાય ન થાય તેની ખાસ સંભાળ લીધી અને છતાં સિદ્ધારથ રાજાનું અનેક નિધાનોથી રાજદરબાર ભરી દીધું. આવી ધનધાન્યની વિપુલતા થતાં રાજા સિદ્ધાર્થે પોતાના મનમાં નિર્ણય કર્યો કે આવનાર પુત્રનું નામ, જો તે પુત્ર હશે તો ગુણનિષ્પન્ન નામ 'વર્ધમાન' રાખવામાં આવશે.

સંસ્કૃતના નિયમ પ્રમાણે **વર્ધમાન** અથવા **વર્દ્ધમાન** બન્ને સાચા શબ્દો છે, તેથી આ પુસ્તકમાં અવારનવાર બન્ને રીતે તેનો ઉપયોગ કર્યો છે અને આ પુસ્તકનું નામ મહાવીર પણ સાથે રાખવામાં આવ્યું છે તેનું કારણ અને તે નામ કોણે પાડ્યું તેની હકીકત પણ આ જ વિભાગમાં હવે પછી આવશે. અને તે બે કારણે આ પુસ્તકનું નામ રાખવામાં આવ્યું છે તે માલૂમ થાય. વર્ધમાન નામ કેવી રીતે પડ્યું તે આ ઉપરથી સમજવામાં આવ્યું હશે અને તે નામની મહત્તા અને ગુણનિષ્પત્તિતા પણ સમજવામાં આવ્યા હશે. આવે દિવસાનુદિવસ વધતા અને આગળ વધતા પ્રભુનો પ્રતાપ અપરંપાર હતો અને તે વાત ખાસ ધ્યાનમાં રાખવાલાયક છે. વર્ધમાન નામ ગુણનિષ્પન્ન છે અને તે નામ રાખવું બધી રીતે યોગ્ય છે. તે વાત વાચકના લક્ષ્યમાં આવી હશે. (ક્રમશઃ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કૃતજ્ઞતા અને કૃતઘ્નતા

લેખકઃ—**સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ**

જગતમાં એક જીવ બીજા ઉપર ઉપકાર કરે છે અને બીજો જીવ એ ઉપકાર માથે ચડાવે છે. આમ અરસપરસ ઉપકારની લેવડદેવડ અખંડ રીતે ચાલ્યા કરે છે. એમાં કેટલાએક જીવો પોતઃ ઉપર ઉપકાર કરનારાનું સ્મરણ રાખે છે અને તેનું ઋણ આપણા-માંથે છે એ સમજી પ્રસંગોપાત તેની પ્રશંસા કરે છે અને બની શકે તો યથાશક્તિ તેનો બદલો વાળ-વાનો પ્રયત્ન કરે છે. તેમ કેટલાએક એવા હોય છે કે, ઉપકાર કરનારાને તરત ભૂલી જાય છે અને કોઈ દિવસ ઉપકાર કરનારાનું સ્મરણ પણ કરતા નથી. એટલું જ નહી પણ વખત આવે એ ઉપકારને અપકાર કરવાને પણ તૈયાર થઈ જાય છે એમાં ઉપકાર કરનારાનું સ્મરણ રાખનારા કૃતજ્ઞ કહેવાય છે. અને ઉપકારને ભુલી જનારા કૃતઘ્ન કહેવાય છે. **એમાં આપણે પોતે કઇ પંક્તિમાં બેસવા લાયક છીએ એનો દરેક વ્યક્તિએ પોતાના મન સાથે વિચાર કરવો જોઇએ. અને આપણે કૃતઘ્નની પંક્તિમાં તો નથી બેસતાને ? એનો પોતાના મન સાથે વિચાર કરી નક્કી કરવું જોઇએ. અને તેમાં આપણે ભૂલતા હોઇએ તો તે સુધારી લેવા અને કૃતજ્ઞની પંક્તિમાં બેસવા પ્રયત્ન કરવો જોઇએ.**

આપણે હવા, પાણી, ગરમી ઠંડી, વગેરેનો છુટથી ઉપયોગ કરીએ છીએ. એક ક્ષણ પણ તે વિના આપણે જીવી શકીએ તેમ નથી. એટલે એ બધી નિસર્ગની શક્તિના ઉપકાર આપણી ઉપર અખંડિત રીતે થઈ જ રહેલા છે. એટલે એ બધા આપણા ઉપકારકર્તા જ સિદ્ધ થાય છે. તેમજ વનસ્પતિ, અનાજ, ઝાડ આપણા ઉપર ઉપકાર વર્ષાવ કરે છે એ આપણાથી કેમ ભૂલાય ? અનેક માનવો અને જાનવરો અનાજ પકાવે છે. એ જો એમ ન કરે તો આપણું જીવન અશક્ય બની જાય. આપણે મકાનો બનાવિએ અને તેમાં સુખેથી રહીએ એમાં કેટલા માનવો આપણા માટે પરિશ્રમ ઉઠાવે છે અને કુદરતના કેટલા સાધનોનો આપણે ઉપયોગ કરીએ છીએ ? ત્યારે આપણે કેટલા અનંતોના ઉપકાર નીચે દબાએલા છીએ એનો વિચાર કરતા આપણી પામરતાનો આપણને ખ્યાલ આવે છે

કોઈ એમ દલીલ કરે કે, આપણે માનવોનો બદલો દ્રવ્યના રૂપમાં ચુકવી આપીએ છીએ એ વિચાર પણ તદ્દન ભ્રામક છે. કારણ કે, એવા પરિશ્રમ કરનારાઓ પણ બીજાના ઉપકાર નીચે દબાએલા જ છે. અને એજાણે અરસપરસ ઉપકારનો બદલો વાળ્યો છે જ એમ કહી શકાય નહીં. તેમ એવા મહેનત કરનારાઓનો બદલો પુરેપુરો આપણે ચુકવ્યો છે શું ? એનો પરસેવો, એની બુદ્ધિ અને શક્તિનું આપણે કોઈ દિવસ સ્મરણ જેવુ પણ કર્યું છે કે શું ? એનો વિચાર કરતા આપણી ખાત્રી થશે કે, એવા તો અનંત ઉપકારો આપણા માથે **આપણે ધારણ કરીએ છીએ. અર્થાત્ એ દૃષ્ટિથી આપણે કૃતઘ્નની પંકિતમાં બેસવા લાયક છીએ એમાં શંકા નથી.**

**જ્ઞાની એવા તીર્થંકર ભગવંતો અને ઋષિ-મુનિઓએ પોતાના પ્રૌઢ અને અનુભવજન્ય મનો-મંથનમાંથી નિષ્પન્ન થએલ જ્ઞાનામૃત આપણા માટે નિર્માણ કરી પિરશી મૂકેલું છે, તેનું પરિણામ** આખી માનવજાત ઉપર થએલું આપણે જોઇએ છીએ. એક જીવે બીજા જીવ સાથે કેવી રીતે વર્તવુ એનો બોધપાઠ એમણે એટલો તો સચોટ રીતે સમજાવ્યો છે કે, જગતનો કોઈપણ પંડિત તેમાં દોષ કાઢી ન શકે. એ ઉપકાર કાંઈ જેવો તેવો ન ગણાય. એ ઉપકારનો બદલો આપણે શી રીતે વાળી શકીએ ? આપણા ધર્મગુરુઓ જે એમના પગલે ચાલી તેમનો અમોલ સંદેશ ઘરઘરમાં પહોંચાડતા ઘૂમી રહ્યા છે તેમના આપણે ઉપકારબદ્ધ તો છીએ જ પણ તે ઉપકારનો બદલો શું આપણે રોટલાના એક કટકાથી વાળી શકીએ ? આપણા જીવનને સુધારી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેને મુક્તિપંથે વાળવા માટે એમણે જે જહેમત ઉઠાવી છે તેનો બદલો આપણે કેવી રીતે વાળવાના છીએ ? કહેવું પડશે કે, એમના ઉપકારનો બોજો આપણા ઉપર એટલો મોટો છે કે, જન્મો સુધી આપણે એમની સેવા ઉઠાવ્યા કરીએ છતાં આપણે તેમનું ઋણ અદા કરી શકીએ એ બનવું અશક્ય છે એમના ઉપકારનો બદલો તો આપણે અક્ષરશઃ એમના પગલે ચાલી તેમની આજ્ઞા નિઃસંકોચપણે માની તેમને સંતોષી શકીએ તો જ આપણે કાંઈક કર્યું એમ ગણાય તે વિના આપણે મોઢે વાચાલતા કરતા રહીએ એમાં કાંઈ જ અર્થ નથી.

ઉપકાર એવી વસ્તુ છે કે, તેનું મૂલ્ય અંકોથી ગણી શકાતું નથી. તેમ ફૂટપટ્ટીથી માપી શકાતું નથી. એનું મૂલ્યાંકન કરવું એ અશક્યપ્રાય વસ્તુ છે. એનું મૂલ્ય તો આપણા હૃદય સાથે તેને પુરેપુરા ઓતપ્રોત થઇ જઇએ અને આપણી વૃત્તિ પણ તેવી જ કરી લઇએ અને આપણે અન્ય જીવો ઉપર એવા જ ઉપકાર કરતા રહીએ અને કરેલા ઉપકાર હંમેશ ભૂલતા જ શીખીએ તો જ કંઈક કૃતજ્ઞતા આપણામાં પ્રગટી છે એમ માની શકાય. આપણે બીજા ઉપર ઉપકાર કરીએ અને તેનો બદલો ક્યારે મળશે એવી ઝંખના રાખીએ તો એવા કરેલા ઉપકારનો કાંઈ જ અર્થ નથી. પ્રસંગોપાત એમ પણ બને કે, આપણે કોઈ ઉપર ઉપકાર કરીએ અને તે જ માણસ આપણી સાથે અપકાર કરતો રહે ત્યારે આપણે તેની ઉપર ક્રોધ કરીએ ત્યારે આપણે આપણા સદિચ્છાથી કરેલા ઉપકારની કિંમત કાંઇ ઓછી થતી નથી સામો માણસ દુષ્ટ હોઇ એ પોતાનું દુષ્ટ કાર્ય છોડી ન શકે ત્યારે આપણે આપણું શુભ કાર્ય શા રીતે મૂકી દેવાય ? જેની જેવી વૃત્તિ ઘડાઇ હોય એવુ જ કાર્ય એ કરે જવાનો. માટે આપણે આપણી પરોપકારની વૃત્તિ અને કૃતજ્ઞતાની વૃત્તિ કેમ છોડી દેવાય ? આપણે એમ બીજા કરે છે માટે તેમ કરવું જોઇએ, એમ માની લઇએ ત્યારે તે દુષ્ટ માણસજ આપણો ગુરૂ બની જવાનો ! અને આપણે જાણે તેની આજ્ઞાજ અનુકરણ રૂપે ઉઠાવીએ ત્યારે આપણી કૃતજ્ઞતાની બુદ્ધિ શી રીતે ટકવાની ! પછી તો આપણે પણ એ કૃતઘ્ન માણસના શિષ્યજ બની જવાના. અને આપણી કૃતજ્ઞતાની બુદ્ધિ નષ્ટ થઇ પેલાની કૃતઘ્નતાજ આપણામાં પેશી ગઇ ગણાય. અને આપણે અનાયાસે કૃતઘ્ન થઇ જવાના. એથી કૃતજ્ઞતા એ પોતે જ કૃતઘ્નતામાં ફેરવાઇ જવાની ! એ વસ્તુનો આપણે વિચાર કરવો જ જઇએ.

કૃતઘ્ન ભલે કૃતઘ્નજ રહે. પણ આપણે જો સાચેજ કૃતજ્ઞ હોઈએ તો આપણે હંમેશને માટે કૃતજ્ઞજ રહેવુ ઉચિત છે. આપણે જો પારકાએ આપણા ઉપર કરેલા ઉપકારનું નિરંતર સ્મરણ રાખી તેનું શુભચિંતન કરતા હોઇએ તો આપણે પોતાના એ સદ્‌ગુણોને છોડી દેવો એ આત્મઘાતક જ કરેલો ગણાય. એવો આત્મઘાત આપણે શા માટે વ્હોરી લેવો ? આપણે તો આપણી ભૂમિકા અઢળજ રાખી તેમાં ધીમે ધીમે પ્રગતિજ સાધવા રહી માટેજ અમો કહીએ છીએ કે, આપણા આત્માને વફાદાર રહી આત્માને ગુણ કરી તેને ઉંચે ચઢાવનાર કૃતજ્ઞતાને કોઈ પણ પરિસ્થિતિમાં તજવી નહીં જોઇએ.

કૃતજ્ઞતાને આપણા આત્મા સાથે વણી લેવાની જ હોય તો આપણે પરોપકારની વૃત્તિ કેળવવી જ રહી. અન્ય જીવો ઉપર અખંડપણે ઉપકાર કરવાની આપણે ટેવ પાડી લેવી જોઇએ. અને તે પણ આપણે કરેલા ઉપકાર ભૂલીને જ. આપણે બીજા ઉપર ઉપકાર કરીએ અને એવા કરેલા ઉપકારનું સ્મરણ મનમાં તાજુ રાખીએ તો તેથી પરોપકાર આત્માને જે ગુણ કહે છે તેથી આપણે વંચિત જ રહી જઇએ. બીજા ઉપર કરેલા ઉપકારને યાદ રાખતા રહીએ તો આપણામાં છુપી રીતે અહંભાવ પેશી ગયા વગર રહેવાનો નથી. અને એવો અહંભાવ આપણને અનેક શુભ કામો કરતા અટકાવી દેશે પછી તો આત્માના પતનનો જ માર્ગ સ્હેજે સામો આવી ઉભો રહેશે. દુર્ગુણો અને અહંભાવની જોડી હોય છે. અને એ આપણામાં પેશે છે ત્યારે કાંઇ આપણને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન નિયમો અને છત્રીસ ઉપનિષદો

પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

વૈદિક સાહિત્ય તરીકે વેદો, બ્રાહ્મણો, આરણ્યકો, ગૃહ્યસૂત્રો અને શ્રૌત્રસૂત્રોની સાથે સાથે ઉપનિષદોનો પણ ઉલ્લેખ કરાય છે. 'ઉપનિષદ્' શબ્દ નારી જાતિનો તેમજ નપુંસકજાતિનો પણ ગણાય છે. એના નીચે મુજબ ચાર અર્થ કરાય છેઃ—

(૧) વેદનો અંતર્ગત ગણાતો અને તેના ગૂઢ અર્થોને સ્પષ્ટ કરતો, બ્રહ્મવિદ્યાનું પ્રતિપાદન કરતો તાત્વિક ગ્રન્થ; (૨) વેદરહસ્ય; (૩) બ્રહ્મજ્ઞાન; અને (૪) રહસ્ય.

'વેદાન્ત' શબ્દના બે અર્થ કરાય છે. (૧) વેદોનો અંતિમ ભાગ યાને ઉપનિષદ્ અને (૨) વેદાન્ત દર્શન.

વૈદિક હિન્દુઓ જે ઉપનિષદોને–વેદાન્તોને માને છે તેની સંખ્યા ન્યૂનાધિક ગણાવાય છે. કેટલાક ૧૦૮ ઉપનિષદો ગણાવે છે.

જૈનો પૈકી કેટલાક પ્રાચીન તેમજ અર્વાચીન ગ્રન્થકારોએ પોતાના ગ્રન્થના નામના અંતમાં 'ઉપનિષદ્' શબ્દ યોજ્યો છે. દા. ત. 'કલિકાલ-સર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિએ યોગશાસ્ત્રને 'અધ્યાત્મોપનિષદ્' પણ કહ્યું છે, ન્યાયાચાર્ય યશોવિજયગણિએ પોતાની એક કૃતિનું નામ 'અધ્યાત્મોપનિષદ્' રાખ્યું છે. આધુનિક સમયમાં બુદ્ધિસાગરસૂરિજીએ પોતાની બે કૃતિઓનાં નામના અંતમાં 'ઉપનિષદ્' શબ્દ વાપર્યો છે. (૧) [1]જૈનોપનિષદ્ અને (૨) [2]શિષ્યોપનિષદ્. વિશેષમાં આ સૂરિજીએ અજૈનોના ઇશાવાસ્યોપનિષદ્ ઉપર ગુજરાતીમાં વિવેચન કર્યું છે. એનું નામ "[3]ઈશાવાસ્યોપનિષદ્ ભાવાર્થ વિવેચન" રખાયું છે.

**ઉપદેશકલ્પવલ્લી**—આ વાચક ધર્મહંસના શિષ્ય ઈન્દ્રહંસે વિ. સં. ૧૫૫૫માં "મન્નહ જિણાણ આણં" ઉપર સંસ્કૃતમાં રચેલી વૃત્તિનું નામ છે. આ વૃત્તિને 'શ્રાદ્ધકૃત્યદૃષ્ટાન્તષટ્‌ત્રિંશિકા' તરીકે પણ વૃત્તિકારે જાતે ઓળખાવી છે. આ વૃત્તિ પં. હીરાલાલ હંસરાજે ઇ. સ. ૧૯૧૩માં છપાવી છે.

૧. આ પુસ્તક "અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ" તરફથી વિ. સં. ૨૯૭૩માં પ્રસિદ્ધ કરાયું છે. એમાં શ્રાવકોને ઉપયોગી બાબતો સંસ્કૃતમાં સૂત્રોરૂપે રજૂ કરાઈ છે અને સાથે સાથે ગુજરાતીમાં વિવેચન છે.

૨. આ પુસ્તક પણ ઉપર્યુક્ત મંડળ તરફથી પ્રકાશિત કરાયું છે.

૩. આ પુસ્તકમાં વૈદિક હિન્દુઓના ઈશાવાસ્યોપનિષદ્‌ને સ્થાન આપી એનું જૈન દૃષ્ટિએ ગુજરાતીમાં સ્પષ્ટીકરણ કરાયું છે. આ પુસ્તક પણ ઉપર્યુક્ત મંડળે ઈ. સ. ૧૯૨૮માં છપાવ્યું છે. અહીં ઈશાવાસ્યોપનિષદ્‌ના અંશોને ૧૮ મંત્રો તરીકે કટકે કટકે રજૂ કરાયા છે.

---

( કૃતજ્ઞતા અને કૃતઘ્નતા )

જાગૃત કરી કે સૂચના કરી પેસતા નથી. અને એ આપણામાં પેશી ગએલા છે એવુ આપણા જાણવામાં આવે છે ત્યારે ઘણું મોડુ થઇ ગએલું હોય છે. બાજી આપણા હાથમાંથી નિકળી ગએલી હોય છે. પછી તો પશ્ચાત્તાપ પણ આપણું શ્રેય કરવાને કારગત નિવડતો નથી.

એટલા માટેજ આપણે કોઇ પણ બદલાની આશા રાખ્યા વગર પરોપકાર કરતા રહી કૃતજ્ઞતાની વૃત્તિ કેળવવી ચાલુ રાખવી જોઇએ. દરેક જણ આવી કૃતજ્ઞતા અને પરોપકાર બુદ્ધિ વધુને વધુ કેળવતા રહી પોતાના આત્માને સમૃદ્ધ કરવુ એવી સદ્‌બુદ્ધિ બધાઓમાં જાગૃત થાય એજ સદિચ્છા સાથે અમો વિરમિએ છીએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ વૃત્તિમાં આગમો કરતાં નિગમોને વધુ મહત્ત્વ અપાયું છે તેમજ કેટલીક પ્રચલિત માન્યતાઓથી ભિન્ન માન્યતાઓ આમાં રજૂ થયેલી છે એમ "જૈનધર્મ પ્રસારક સભા'ને જણાતાં આ સભા તરફથી આ વૃત્તિના કેટલાક અંશોનું ભાષાંતર જતું કરી આ સભાએ આ વૃત્તિનું ભાષાંતર વિ. સં. ૧૯૭૮માં પ્રસિદ્ધ કર્યું છે. આ વૃત્તિમાં જૈનોનાં છત્રીસ ઉપનિષદોનાં નામો તેમ જ એની સંક્ષિપ્ત રૂપરેખા અપાયાં છે. એ બાબત હું હાથ ધરું તે પૂર્વે 'નિગમ' ગચ્છ ઇત્યાદિ વિષે ટૂંકમાં ઉલ્લેખ કરીશ.

'નિગમ' ગચ્છ—'તપા'ગચ્છની વિવિધ શાખાઓ પૈકી એકનું નામ 'કુતુબપુરા' છે. આમાંથી 'નિગમ'મત નીકળ્યો છે અને એનું બીજું નામ 'ભૂકટિયા'મત છે એમ **જૈન પરંપરાનો ઇતિહાસ** ( ભા. ૧, પૃ. ૬૧૯ )માં કહ્યું છે.

**નિગમ સ્તવન**-આ સ્તવન ઇન્દ્રનન્દિએ રચ્યું છે. એને 'વેદાન્ત સ્તવન' પણ કહે છે. આ જ કદાચ **નિગમાગમ** હશે એમ **જિનરત્નકોશ** ( વિ. ૧, પૃ. ૨૧૧ )માં કહ્યું છે જ્યારે પૃ. ૩૬૫માં આનો નિશ્ચિતરૂપે સ્વીકાર કરાયો છે. અહીં પૃ. ૩૬૫ માં સુચવાયું છે કે (૧) ઇન્દ્રનન્દિનું અપર નામ ધર્મસિંહ છે અને એમનો 'ભરતનરપતિ' અને 'શ્રાદ્ધદેવ' તરીકે પણ ઉલ્લેખ કરાય છે. (૨) આ સ્તવન-સ્તોત્રના છત્રીસ વિભાગોને 'છત્રીસ ઉપનિષદો' તરીકે ઓળખાવાય છે અને એમાં શ્રાવકોના આચારો કથા સહિત દર્શાવાયા છે. (૩) આ સ્તવન ઉપર ટીકા છે. (૪) પ્રો. પિટર્સને પોતાના ત્રીજા હેવાલમાં મૂળ તેમ જ ટીકામાંથી અવતરણો આપ્યાં છે.

નિગમાગમની કેટલીક હાથપોથીઓ મળે છે અને એક અહીં ( સુરતમાં ) છે. અને એનો ક્રમાંક ૮૯૬ છે એવો **જિ. ર. કો.** ( પૃ. ૨૧૧ ) ગત ઉલ્લેખ જોઈ મેં આ ૮૯૬ ક્રમાંકવાળી હાથપોથી તપાસી તો એમાં 'નિગમાગમનિર્ણીતિશતક' નામની કૃતિ છે અને એમાં ૧૦૧ પદ્યો છે. આ જ પદ્યો **ઉપદેશકલ્પવલ્લી**ના ૩૬મા પલ્લવ ( પત્ર ૩૪૦-૩૪૯ )માં શ્લો. ૩૩૩-૪૩૫ તરીકે જોવાય છે. ઉપર્યુક્ત હાથપોથીમાં આદ્ય પદ્ય નીચે મુજબ છે:—

**"द्वासप्ततिजिनान् नत्वा ध्यात्वा च गणधारिणः।**
**निगमागमनिर्णीतिशतकं क्रियते मया ॥ १ ॥"**

હાથપોથીમાં અંતિમ પદ્ય નીચે પ્રમાણે છે:—

**"निगमोपनिषद्वाक्यान्यवलोक्य मनीषिणः।**
**कला ज्ञानन्तु निर्णीतनिगमा धर्मशुद्धये ॥१०१॥"**

ઉપદેશકલ્પવલ્લીમાં ૧૦૩ પદ્યો છે જ્યારે ઉપર્યુક્ત હાથપોથીમાં અંતિમ પદ્યનો અંક ૧૦૧ નો છે. અંતમાં આ હાથપોથીમાં આ કૃતિનું નામ "નિગમાગમૈકાન્તીકરણસંવાદશતકમ્" છે.

આ પરિસ્થિતિમાં **નિગમાગમની** ૭૧૯ ક્રમાંકવાળી અને છાણીના ભંડારની ૧૬૪ પત્રની હાથપોથી જોવી જોઈએ. આ ઉપરાંત જે બે હાથપોથીઓની નોંધ **જિ. ર. કો.** ( વિ. ૧, પૃ. ૨૧૧ )માં છે તે પણ તપાસવી ઘટે.

**નિગમ-સ્તોત્ર**—આ "श्रीमद्युगादिपादौ"થી શરૂ થતું સત્તર પદ્યનું સ્તોત્ર ઇન્દ્રનન્દિસૂરિએ રચ્યું છે. આ સૂરિ તે ઉપર્યુક્ત જ ઇન્દ્રનન્દિ છે કે કેમ તે જાણવું બાકી રહે છે. આ સ્તોત્રની એક હાથપોથીની નોંધ નિમ્નલિખિત સૂચીપત્ર ( ભા. ૧, પૃ. ૧૬૨-૧૬૩ )માં છે:—

"Catalogue of Sanskrit and Prakrit Manuscripts muniraja Shri Punyavijayji Collection."

**[ मुनिराजश्री पुण्यविजयजी हस्तप्रति संग्रहतानां संस्कृतप्राकृतभाषानिबद्धानां ग्रन्थानां सूची ]**

**નિગમ એટલે ?**—નિગમના [1]સામાન્ય રીતે ત્રણ અર્થ કરાય છે: (૧) વેદ; ધર્મશાસ્ત્ર, (૨) ઈશ્વર

૧. એક સંસ્કૃત અંગ્રેજી કોશમાં નિગમના બાર અર્થ અપાયા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને (૩) અન્ત. અત્ર પ્રથમ અર્થ પ્રસ્તુત છે. ઉપદેશકલ્પવલ્લી વગેરેમાં ભરતચક્રવર્તીએ ચાર વેદ રચ્યાનો ઉલ્લેખ છે. આ વેદો તે 'જૈન નિગમો' છે અને એમાં શ્રાવકોના આચારોનું નિરૂપણ હોવાનું કહેવાય છે જેમ વૈદિક હિન્દુઓના વેદોને અંગે ઉપનિષદો છે તેમ જૈન વેદોને-નિગમોને અંગે પણ છત્રીસ ઉપનિષદો છે એમ ઉપદેશકલ્પવલ્લી ( પલ્લવ ૨૨, પત્ર ૨૦૯ )માં ઉલ્લેખ છે.

**આઠ દિવ્ય પ્રવચનો**—ઉપદેશકલ્પવલ્લી ( પલ્લવ ૨૮, પત્ર ૨૫૭, શ્લો. ૨૯ )માં નિમ્ન-લિખિત આઠ દિવ્ય પ્રવચનોનો ઉલ્લેખ છેઃ—

(૧) અંગવાદ, (૨) ઉપાંગવાદ, (૩) ષડાવશ્યકવાદ, (૪) નન્દિવાદ, (૫) અધ્યયનવાદ, (૬) નિગમવાદ, (૭) પ્રકીર્ણકવાદ અને (૮) છેદવાદ.[1]

આ આઠે પ્રવચનો ત્રિપદીના અર્થમય હોવાનું અહીં કહ્યું છે. અને વિશેષમાં ઈર્યાસમિતિ વગેરે પાંચ સમિતિ અને મનોગુપ્તિ વગેરે ત્રણ ગુપ્તિ સાથે આનો સંબંધ દર્શાવાયો છે.

નિગમવાદનો અહીં જે ઉલ્લેખ છે તે ઉપરથી વિ સં. ૧૫૫૫ પહેલાંની કોઈ કૃતિમાં જૈન નિગમોનું વિસ્તૃત નિરૂપણ હશે એમ માનવા હું પ્રેરાઉં છું.

જેમ છત્રીસ ઉપનિષદોની હાથપોથીઓ ઉપલબ્ધ હોવાનું જણાય છે તેમ નિગમોની પણ હાથપોથીઓ મળે છે કે કેમ તેની સત્વર અને સંપૂર્ણ તપાસ થવી ઘટે.

**છત્રીસ ઉપનિષદો** આનાં નામ વગેરે ઉપદેશ-કલ્પવલ્લી ( પલ્લવ ૨૨ પત્ર ૨૦૯–૨૧૨, શ્લોક ૪–૩૯)માં દર્શાવાયાં છે. તે નીચે મુજબ છે.

(૧) ઉત્તરારણ્યક આ આદર્શની પેઠે દર્શનોના અને ભાવનાઓના ભેદોને દર્શાવે છે.

(૨) પંચાધ્યાય આના પાંચ વિભાગો તે ગુરૂ-તત્ત્વરૂપ કલ્પવૃક્ષોને ઉત્પન્ન કરનારા જાણે પાંચ મેરુ છે.

(૩) બહુઋચ, આમાં સર્વજ્ઞોનાં ચરિત્રો અને દૃષ્ટાંતોને સ્થાન અપાયું છે.

(૪) વિજ્ઞાન ઘનાર્ણવ–આમાં આબુ, વિમલાચળ અને ગિરિનાર તીર્થોનું વર્ણન છે.

(૫) વિજ્ઞાનેશ્વરતરણિ–આ તીર્થંકરનાં કથનો ઉપર પ્રકાશ પાડે છે અને સદ્ દ્રવ્યસ્તવનું પોષણ કરે છે.

(૬) વિજ્ઞાનગુણાર્ણવ–આ આમ્નાયરૂપ સમુદ્રના મંથનરૂપ અમૃતના રસના જેવો છે.

(૭) નવતત્ત્વનિદાન નિર્ણય–આ નવ તત્ત્વોરૂપ મણિઓના નિધાનરૂપ છે. એ ઉપનિષદ્ એનો અભ્યાસ કરનારને સ્વર્ગના સુખ આપનારું છે.

(૮) તત્ત્વાર્થનિધિરત્નાકર–આ સરોવરનું જળ જેમ નક્ષત્રોનું પ્રતિબિંબ ધારણ કરે છે તેમ વિવિધ પ્રકારની વસ્તુઓના સ્વરૂપના સાક્ષાત્ પ્રતિબિંબરૂપે ધારણ કરે છે.

(૯) વિશુદ્ધાર્થ પદાત્મ ગુણ ગંભીર–આ નિગમોપ-નિષદ્ આત્માની વિશુદ્ધિ કરનાર છે.

(૧૦) અર્હદ્ધર્માગમનિર્ણય. આ જિનેશ્વરના ધર્મરૂપ ઉત્તમ સુવર્ણના ગુણોનો નિર્ણય કરવામાં અદ્વિતીય કસોટીરૂપ છે.

(૧૧) ઉત્સર્ગાપવાદોદય. આ ઉત્સર્ગ અને અપવાદનો બોધ કરાવે છે.

(૧૨) અસ્તિનાસ્તિ વિવેક નિગમનિર્ણય. આ વસ્તુતત્ત્વનો વિવેક કરાવે છે.

(૧૩) દર્શનિજન મનોનયનાહ્લાદ. આ વેદાન્તાદિ મતોનું સ્વરૂપ રજૂ કરે છે.

(૧૪) રત્નત્રયનિદાનનિર્ણય. આ ( જ્ઞાનાદિ ) ત્રણ રત્નોના નિદાન–કારણરૂપ છે.

---

૧. અહીં આવશ્યક ઉપરાંતનાં મૂળ સૂત્રો તેમજ અણુયોગદ્વારનો ઉલ્લેખ જણાતો નથી તો તેનું શું કારણ? અધ્યયનવાદથી શું સમજવાનું છે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧૫) સિદ્ધાગમ સંકેતસૂચક. આ અનેક આગમોના સંકેતરૂપ નૃપતિઓનું ક્રીડાસ્થાન છે.

(૧૬) અખંડ શોભ. આ ભવ્યજનોના ભયનો અને દુઃખોના સમૂહની પીડાનો નાશ કરનાર છે.

(૧૭) રાગિજનનિર્વેદજનક. આ લોકોને હિતકર હોવાથી પિતાતુલ્ય છે તેમ જ એનો સંગ ગૃહસ્થોના રાગને હણનારો છે.

(૧૮) સ્ત્રીમુક્તિ નિદાનનિર્ણય. આ મહિલાઓની મુક્તિને સિદ્ધ કરનારી શુક્તિમાં મૌક્તિક જેવી ઉજ્જવલ યુક્તિઓ પૂરી પાડે છે.

(૧૯) કવિજન કલ્પદ્રુમ. આમાં કલ્પવૃક્ષોનું નિરૂપણ છે. એ કવિઓની અભિલાષાને તૃપ્ત કરનાર છે.

(૨૦) પ્રપંચગત માર્ગસમૂહ આ સમગ્ર પ્રપંચોના માર્ગના આદ્ય કારણ રૂપ છે અને દિવસના આરંભમાં સૂર્યની જેમ, પ્રસરતા અંધકાર (અજ્ઞાન)થી આવૃત નેત્રવાળા મનુષ્યોથી ન જોઇ શકાય તેમ છે.

(૨૧) શ્રાદ્ધધર્મ સાધ્યાય વર્ગ. આ વિશુદ્ધ બુદ્ધિશાળીઓના વાંછિતોને સિદ્ધ કરનાર છે.

(૨૨) સપ્તનય નિદાન. આ સાત નયરૂપ સાત જ્વાલા વડે દેદીપ્યમાન ઉપનિષદ્ અગ્નિની જેમ અસાધારણ અંધકારનો નાશ કરે છે.

(૨૩) બન્ધમોક્ષ શ્રમણાપગમ આ. ઉપનિષદ્ પ્રાણીઓનાં કાર્યરૂપ સુવર્ણની વિશુદ્ધિના નિર્ણયમાં કારણ રૂપ છે.

(૨૪) પ્રષ્ટકમનીયસિદ્ધિ. જેમ રસકૂપીના રસથી મનુષ્યોને સુવર્ણની સિદ્ધિ થાય છે તેમ આ ઉપનિષદ્થી વિશુદ્ધ બુદ્ધિશાળીઓને મુક્તિ મળે છે.

(૨૫) બ્રહ્મકમનીયસિદ્ધિ. આ પરભવના સુખના ક્યાણક યાને કરિયાણાનું સાટું કરનાર અને વિકારથી રહિત છે.

(૨૬) નૈષ્કર્મકમનીય. આ વેદાન્ત દુર્વાદીઓ રૂપ દાવાનલ પ્રત્યે જળ સમાન છે અને સમસ્ત અશુભ કર્મોનો નિષેધ કરનાર છે.

(૨૭) ચતુર્વર્ગ ચિન્તામણિ. આ પુરુષોને એમના ચિન્તવેલા અર્થને આપવામાં ચિન્તામણિની ગરજ સારે છે તેમ જ એનું ધ્યાન ધરનારાનાં પાપ, વિરોધ, અવરોધ અને સહિત એ ચાર વર્ગરૂપ છે,

(૨૮) ઇષ્ટિફલદ. આ વૃક્ષની જેમ ફળદાયી છે. એ પાંચ જ્ઞાન અને પાંચ જ્યોતિષ્કનો બોધ કરાવે છે.

(૨૯) સુદર્શન. આ વેદાન્ત મિથ્યાદર્શનરૂપ દાનવનો નાશ કરવામાં 'સુદર્શન' ચક્રના સમાન છે.

(૩૦) નિગમ. આ વેદાન્ત પાંચ પ્રકારનાં ચારિત્રો ઉપર પ્રકાશ પાડે છે અને કષાયોરૂપ કારાગ્રહની બેડીનો તિરસ્કાર કરે છે.

(૩૧) વાક્યવૃન્દ. આ વેદાન્ત નિગમનાં અને આગમનાં વાક્યોનું સ્પષ્ટીકરણ પૂરું પાડે છે અને એ સુંદર વિચારોથી ભરપૂર છે.

(૩૨) વ્યવહાર સાધ્યાપવર્ગ. આનો વ્યવહારરૂપ દીપક લઇને જૈનો ધર્મરૂપ નિવાસસ્થાનમાં જાય છે અને આ વેદાન્ત દુઃખનો નાશ કરે છે.

(૩૩) નિશ્ચયૈક સાધ્યાપવર્ગ. આ પોતાનામાં મોક્ષનો સાક્ષાત્કાર કરનારો અદ્વિતીય નિશ્ચય રહેલો છે એમ જાણે કહે છે.

(૩૪) પ્રાયશ્ચિત્તૈક સાધ્યાપવર્ગ. આ વિશિષ્ટ તપરૂપ જળવડે જીવરૂપ વસ્ત્રને વિશુદ્ધ કરે છે એમ જાણે કહે છે.

(૩૫) દર્શનૈકસાધ્યાપવર્ગ. આ ભવ્ય જીવોને ધર્મના બીજ રૂપ સમ્યક્ત્વ વડે મોક્ષરૂપી આવાસ બતાવે છે.

(૩૬) વિરતાવિરત સમાનાપવર્ગ દેવતરુ. આ સ્વર્ગ અને મોક્ષરૂપ અસાધારણ ફળને આપનાર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ઉપનિષદોને લાગતું વર્ણન જે ઉપદેશ કલ્પવલ્લીમાં અપાયું છે તે કાવ્ય રસિકતાને પોષે તેમ છે. આથી એ વર્ણન ગુજરાતી અનુવાદ સહિત છપાવવું જોઇએ.

**અસ્તિત્વ**—"ઇશાવાસ્યોપનિષદ ભાવાર્થ વિવેચન"ની બુદ્ધિસાગરસૂરિજીએ વિ. સં. ૧૯૮૦ માં રચેલી પ્રસ્તાવના( પૃ. ૩૭ )માં નીચે મુજબ ઉલ્લેખ છે :—

"અમદાવાદ, ઉમાભાઇ હઠીસંગ શેઠની હવેલીમાં સુશ્રાવિકા ચંચળ બેનના ભંડારમાં કેટલીક જૈન ઉપનિષદો છે. તેમજ અન્ય ગ્રન્થોમાં પણ જૈન ઉપનિષદોનાં નામો મળી આવે છે."

પૃ. ૪૨માં આ સૂરિજીએ કહ્યું છે કે "જ્યારે જૈનો આગમો અને નિગમ બન્નેને માનતા હતા, ત્યારે તેઓ રાજકીય બાબતોમાં તથા સમાજમાં પોતાના ધર્મી રાજાઓ પ્રધાનો વગેરેને લાવી શકતા હતા અને રાજાઓ વગેરે ચારે વર્ણને જૈનધર્મી તરીકે રાખી શકયા હતા."

**ગુરુનું વર્ણન**—ઉપદેશકલ્પવલ્લીના એકવીસમાં પલ્લવમાં ગુરુનું સ્વરૂપ દર્શાવી ઇન્દ્રનન્દિએ પોતાના ગુરુ ધર્મહંસના નિમ્ન લિખિત આઠ અવયવાદિની આઠ આઠ પદ્ય દ્વારા સ્તુતિ કરી છે :—

(૧) મસ્તક, (૨) લલાટ, (૩) મુખ, (૪) કાન, (૫) વાણી, (૬) હાથ, (૭) વક્ષઃસ્થળ અને (૮) ચરણ

**પ્રેરણા**—અહીં (સુરતમાં) શ્રી વિજયધર્મસૂરિજીના શિષ્ય શ્રી વિજયભક્તિસૂરિજીના શિષ્ય પં. શ્રી કનકવિજયગણિનો સમાગમ થતાં એમણે મને નિગમો અને જૈન ઉપનિષદો વિષે પ્રશ્નો પૂછ્યા અને ઉપદેશ-કલ્પવલ્લી નામના ગ્રંથ પ્રત્યે મારું લક્ષ્ય ખેંચ્યું એ ઉપરથી આ લેખ લખવાની મને પ્રેરણા મળી.

—: પ્રસિદ્ધ થઇ ગયું છે. હવે ફક્ત થોડીક જ નકલો સીલીકે છે :—

## ચોસઠ પ્રકારી પૂજા—અર્થ અને કથાઓ સહિત

આ પુસ્તક પ્રસિદ્ધ થતાં જ તેની નકલો ચપોચપ ઉપડી રહી છે. આ જાતનું પ્રકાશન ઘણાં વર્ષો પછી થયેલ છે એટલે આપે આપની નકલ તરત જ મંગાવી લેવી.

આ પુસ્તકમાં **શ્રી નવપદજીની** ઓળીમાં આઠે દિવસ ભણાવવાની પૂજાઓનો સુંદર અને હૃદયંગમ ભાષામાં **સ્વ. શ્રીયુત કુંવરજી આણંદજીએ** લખેલ અર્થ આપવામાં આવેલ છે જેથી પૂજાનો ભાવ સમજવામાં ઘણી જ સરળતા અને સુગમતા રહે છે. આ પૂજાઓમાં આવતી પચીશ કથાઓ પણ સરળ ભાષામાં આપવામાં આવી છે જેથી પુસ્તકની ઉપયોગિતામાં ઘણો જ વધારો થયો છે. શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા પણ અર્થ સાથે આપવામાં આવી છે.

ક્રાઉન સોળ પેજી આશરે ૪૦૦ પૃષ્ઠના આ પુસ્તકની કિંમત રૂ. ત્રણ રાખવામાં આવેલ છે.

પોસ્ટેજ ૭૫ પૈસા લખો :—**શ્રી જૈનધર્મ પ્રસારક સભા—ભાવનગર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વામિવાત્સલ્ય

લેખકઃ-ડૉ. વલ્લભદાસ નેણસીભાઇ-મોરબી

સ્વામિવાત્સલ્યનો ઊંડો અર્થ સમજવા જેવો છે. હાલ લૌકિક રીતે તો શ્રાવક-શ્રાવિકાના સમુદાયને એક ટંક એકત્ર ભોજન આપવું એવો અર્થ સમજાય છે. પરંતુ ખરી રીતે સમ્યકૃત્વના ભૂષણ માંહેનું ૭મું ભૂષણ છે. એટલે એ રીતે તેનો વિચાર કરવો જોઇએ. આ રીતે તેનો અર્થ સ્વધર્મને પાળનાર, દયામય સર્વજ્ઞ પ્રરૂપિત ધર્મને આચરનાર અથવા આત્મ ધર્મમાં રાચનાર એ વસ્તુતઃ સ્વામિભાઈ અગર સ્વધર્મી ભાઈ કહેવાય છે. તેનું વાત્સલ્ય કરવું અર્થાત દરેક પ્રકારે તેમના ઉપર પ્રીતિ બતાવવી, તેમની યથાશક્તિ ભક્તિ કરવી, તેમને ધર્મસાધનામાં આડા આવતાં વિઘ્નો દૂર કરવા, કેળવણી માટે ખૂટતા સાધનો પૂરા પાડવા, સ્વધર્મી ભાઇઓ માટે ધર્મશાળાઓ બંધાવવી, સસ્તા ભાડાની ચાલીઓ બંધાવવી, કેળવણી માટે તેમ જ પાઠશાળા માટે યોગ્ય ગોઠવણ કરાવવી, પુસ્તકાલયો ખોલવા-એ આદિ કરવું એને જ ખરૂં સ્વામિવાત્સલ્ય કહી શકાય. આ સ્વામિ-વાત્સલ્ય તન-મન અને ધનથી સાધી શકાય છે. કોઈ ભાગ્યવાનો એકથી, કોઇ બેથી અને કોઈ ત્રણેથી ભક્તિ કરી શકે છે. હાલમાં તો સ્વામિવાત્સલ્યનો માત્ર સંઘ જમાડવો, નોકારશી કરવી અગર ગચ્છ કરવો એવો સાંકડો અર્થ થઈ રહ્યો છે. અને એ અજ્ઞાનજનિત છે. "લૌકિક પરંપરાવાળા ભાઇઓ દેખાદેખીથી અનુકરણ કર્યા કરે છે." બાકી ખરી રીતે સ્વામિવાત્સલ્ય એ સમકિતને દીપાવનાર એક ભૂષણ એક રૂપમાં અગર બીજા રૂપમાં સ્થાયી રહે જ અને એ જાણનાર સમકિતી આત્મા પોતાના સ્વધર્મી ભાઈઓનું હરકોઈ પ્રકારે વાત્સલ્ય કરે જ કરે. પણ ધર્મની અજ્ઞાનતા, તેથી થતી તેની અવગણના, કુળ પરંપરાના ચાલ્યા આવતા ઉપર છલા બઢેલા ધર્મના અભિમાનને લઇને તે પ્રમાણે ચાલી, દેખાદેખીથી કિંવા યશ કીર્તિના લોભથી કિંવા રસેન્દ્રિયના વિષય લુબ્ધપણાથી માત્ર જમણવાર રૂપે સ્વામિ ભક્તિ કરવી, યતના અને ઉપયોગરહિતપણે રસોઈ કરવી, પીરસી અસંખ્યાતા ત્રસજીવોની હાનિ કરવી, વિગય આદિની દરકાર વિના જમાડવા, બીજી સારી રીતે સ્વામિવાત્સલ્ય થઈ શકે છે કે નહિં તેનો વિવેકપૂર્વક વિચાર કર્યા વિના હજારોનું દ્રવ્ય ખરચી નાંખવું એ કોઈ પણ રીતે આ અસહ્ય મોંઘવારીના કાળમાં, જ્યારે મધ્યમ-વર્ગને અગર સીદાતા સ્વધર્મી બંધુઓને તેટલી જ રકમમાંથી બીજી ઘણી રીતે ઉપયોગી <u>થઈ શકાય</u> ~~છે, એમ જાણ્~~યા છતાં અને તેની અનિવાર્ય જરૂરીયાત પીછાણતાં છતાં 'આગેસે ચલી આતી હે' એ રીત મુજબ વર્તવું એ કોઈ રીતે યોગ્ય લાગતું નથી.

સામુદાયિક પ્રીતિભોજન ન આપવું એમ કહેવાનો જરા પણ ઉદ્દેશ નથી, કારણ કે આવા પ્રીતિભોજનથી ધર્મની પુષ્ટિ થાય છે. પણ એકલા જમણવારમાં જ સ્વામિવાત્સલ્યનો સમાવેશ થતો નથી, તે તો તેનું એક ગૌણ અંગ છે. બીજા પ્રધાનરૂપો બહુ છે. અને તે દેશકાળને અનુસરીને વિવેકથી વિચારવા ઘટે છે. આ કાળમાં ખરૂં સ્વામિવાત્સલ્ય કરવું હોય તો જૈન બનાવવા માટે જ્ઞાન દાન આપવું, જ્ઞાન સંપાદન અર્થે ઉદારતાથી નાણાકીય સહાય આપવી, ઉચ્ચ કેળવણી માટે લોન અગર સ્કોલરશીપ આપી કેળવણીમાં સમાજ કેમ આગળ વધે એ જોવું, ઉદ્યોગ ગૃહો અગર નાના ઉદ્યોગો શરૂ કરી વિધવાઓ અને ત્યકતા બ્હેનોને આવકના સાધન કરાવી આપવા એવી અનેક જુદી જુદી પ્રવૃત્તિઓ કરી સ્વામિવાત્સલ્યનું અપૂર્વ ફળ મેળવો એ જ અભ્યર્થના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. G 50

## समालोचना

**કર્મસિદ્ધાંત સંબંધી સાહિત્ય :** પ્રેરક–પ. પૂ. પન્યાસજી શ્રી નિપુણમુનિજી ગણિવર, પ્રણેતા–પ્રો. હીરાલાલ રસિકલાલ કાપડિયા એમ.એ. મૂલ્ય રૂા. ત્રણ

પ્રાપ્તિસ્થાનઃ–શ્રી મોહનલાલજી જૈન જ્ઞાન ભંડાર, ગોપીપુરા–સુરત.

કર્મસિદ્ધાંત એ જૈન ધર્મનો–દર્શનનો એક પ્રાણ છે. એનું જેટલું અને જેવું તલસ્પર્શી વિવેચન જૈન સાહિત્યમાં છે તેવું અન્યત્ર ખાસ જણાતું નથી. દરેકને કર્મના તલસ્પર્શી જ્ઞાનની જીવનમાં અનિવાર્ય આવશ્યકતા છે. શ્વેતાંબરીય અને દિગંબરીય કૃતિઓ અને તેમના કર્તાઓનો ટૂંક પરિચય આપતું, "કર્મસિદ્ધાંત સંબંધી સાહિત્ય" આપતું આ પુસ્તક છે.

(२) **सार्द्धशताब्दि स्मृति–ग्रन्थ : प्रकाशक–श्री जैन श्वेतांबर पंचायती मंदिर, सार्द्धशताब्दि** महोत्सव समिति; १३६, काटन स्ट्रीट–कलकत्ता ७. मूल्य रु. २)

यह ग्रन्थ, श्री जैन श्वेतांबर पंचायती मंदिर की सार्द्धशताब्दि समारोह के अवसर पर मंदिरजी का इतिहास एवं तत् संबंधी विवरण प्रस्तुत किया जा रहा है। साथ ही जैनदर्शन, इतिहास एवं धर्म पर लब्ध प्रतिष्ठित विद्वानों का लेख भी दिये जा रहे हैं।

## ખેદકારક અવસાન

**(૧) શ્રીયુત સંઘાણી કાળીદાસ નેમચંદ સં. ૨૦૨૧ વૈ. વ. ૫ ને ગુરૂવારના રોજ મોરવાડા ૭૦ વર્ષની ઉમ્મરે સ્વર્ગવાસ થયેલ છે. તેઓ આ સભાના લાઈફ મેમ્બર હતા. સ્વર્ગસ્થના સેવા પરાયણ આત્માને પરમાત્મા શાંતિ આપે તેમ ઇચ્છીએ છીએ.**

**(૨) "શ્રી જૈન સિદ્ધાંત"ના તંત્રીશ્રી નગીનદાસભાઈ શેઠ તા. ૩–૫–૬૫ના સવારે હાર્ટફેઈલ થતાં અવસાન પામ્યા છે. સદ્ગતના આત્માની શાંતિ ઈચ્છીએ છીએ.**

ઉપાધ્યાય શ્રી. વિનયવિજયજી વિરચિત **શ્રી શાંત સુધારસ** (પ્રથમ ને દ્વિતીય ભાગ)

આ ગ્રંથ અપૂર્વ શાંત તેમજ વૈરાગ્ય રસથી ભરપુર છે. જૈન સાહિત્યમાં રાગ-રાગણી સાથે સંસ્કૃત ભાષામાં બનેલો આ એક જ ગ્રંથ છે. કર્તાએ તેના વિષયની પુષ્ટિ બહુ ઉત્તમ પ્રકારે કરી છે. તેનો અર્થ ને વિવેચન સ્વ. ભાઈ મોતીચંદ ગીરધરલાલે બહુ વિસ્તારથી લખેલ છે. આ ગ્રંથના બે ભાગમાં મળીને કુલ ૧૬ ભાવના આપેલી છે તેમાં પ્રથમ ભાગમાં નવ ભાવનાનો સમાવેશ કરેલ છે. બીજા ભાગમાં બાકીની સાત ભાવના ઉપરાંત કર્તા શ્રી વિનયવિજયજી મહારાજનું ચરિત્ર પૃષ્ઠ ૧૬૦માં આપેલું છે. બંને ભાગ ૫૦૦ ને ૫૪૦ પૃષ્ઠના છે. કિંમત દરેક ભાગના ૩–૫૦ રૂપીયા છે. બંને ભાગ સાથે મંગાવનારે રૂા. ૬–૫૦ રૂપીયા નવ પચાસ પૈસા મોકલવા પોસ્ટેજ સહીત. લખો :–શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર

પ્રકાશક : દીપચંદ જીવણલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર

મુદ્રક : ગીરધરલાલ ફુલચંદ શાહ, સાધના મુદ્રણાલય–ભાવનગર

For Private And Personal Use Only